જીલ્લા કક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવા બાબત.. જી-૮/અ-૨ માર્ગદર્શક સૂચનાઓ..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બઅઉ-૧૫૯૫-૧૪૫-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૨૬-૭-૯૬.

વંચાણે લીધો:- (૧) સભ્યસચિવશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મશતાબ્દી ઉજવણી સમિતિ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જશઉ-૧૨૦૨-૨૦-અ:૧ તા. ૨૭-૧૧-૯૧

(૨) શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક: બઅઉ-૧૦૯૨-૩૬૪-બ, તા. ૨૧-૭-૯૨

(૩) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: વજખ-૧૫૯૧-૩૭૭૩- તારીખ: -૩-૯-૯૨.

ઠ રા વ :-

ભારતના બંધારણ ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મ-શતાબ્દી ઉજવણી કરવા માટે કેન્દ્ર સરકારના પગલે ગુજરાત સરકારે પણ ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ શતાબ્દી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ આ માટે રાજ્યકક્ષાના એક સમિતિ રચના પણ કરવામાં આવી હતી. આ સમિતિમાં નક્કી થયા પ્રમાણે સમિતિના સભ્યોમાંથી તથા નાણાંકીય જોગવાઈ કરવા બાબતે એક કાર્યવાહક સમિતિની રચના પણ કરવામાં આવેલ હતી. આ કાર્યવાહક સમિતિના વખતો વખત મળેલ તા. ૧૦-૭-૯૧/૨૦.૧૧/૯૧/૨૧-૨-૯૨, ૯-૭-૯૨ અને ૨૯-૭-૯૨ ની મળેલ કાર્યવાહક ની મળેલ કાર્યવાહક સમિતિની મળેલ બેઠકમાં થયેલ ચર્ચા/વિચારણાને અંતે લેવાયેલ નિર્ણય મુજબ તથા અગાઉ તા. ૬ ડીસેમ્બર-૯૧ ડૉ. બાબાસાહેબ આંબેડકર પુણ્યતિથિ દિને તથા તા. ૧૪- એપ્રિલ ૯૩, ડૉ. બાબાસાહેબ આંબેડકર ના જન્મદીન નિમિત્તે ગાંધીનગર ખાતે ડૉ. આંબેડકર ભવનના ભૂમી પૂજન વખતે થયેલ જાહેરાત મુજબ પુર્ણ વિચારણાને અંતે ગુજરાત રાજ્યના તમામ ૧૯ જીલ્લાઓમાં જીલ્લાકક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવા આથી ઠરાવવામાં આવે છે. જે અંગે નાણાંકીય જોગવાઈ બાબતે/જમીન ફાળવવા બાબતે/કરવાની થતી પ્રવૃત્તિઓ બાબતે/તેમજ તેની નિભાવણી અને જાળવણી બાબતે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સૂચિત આંબેડકર ભવનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવાની ...

... online ...

Scanned by CamScanner

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકર લીખીત પુસ્તકો તથા તેના વિષે પ્રકાશિત થયેલ સાહિત્યના એક લીબ્રેરી.

(૩) જીલ્લાના અગત્યના મથકોએ થયેલ આંબેડકર ભવન સામાજીક ન્યાયની પ્રવૃત્તિઓના મુખ્ય કેન્દ્રો બને તેવી પ્રવૃત્તિઓ થઈ શકશે.

(૪) નબળા વર્ગના લોકો અને નારી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ અને તેમની કચેરીઓ માટેનું અગત્યનું કેન્દ્ર બને તેવી પ્રવૃત્તિ કરી શકશે.

(૫) ઉપરોક્ત દલિત વર્ગ અને ન્યાય ઉત્કર્ષ માટે સામાજિક અને સાંસ્કૃતિક સંમેલનો/કાર્યક્રમો/સેમીનારો અને અન્ય ઉજવણી માટે આ ભવનનો ઉપયોગ થઈ શકશે.

તથા આવા પ્રવૃત્તિઓ માટે રાહત દરે અને અગ્રતાના ક્રમ ઉપર જણાવેલ વર્ગના લોકોને વાપરવા આપી શકાશે. અને અન્ય ઉપયોગ ના થાય ત્યારે બજારના પ્રવર્તમાન દરે અન્ય લોકોને ઉપયોગમાં આપી શકાશે.

(૨) જીલ્લા કક્ષાએ આંબેડકર ભવન માટે જમીન મેળવવા બાબત.

---

જે તે જીલ્લાના અગત્યના મથકે આંબેડકર ભવન બાંધવા માટેની જમીન વિના મુલ્યે જે તે જીલ્લાની જિલ્લા પંચાયતને અથવા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જીલ્લા કલેક્ટરશ્રી મારફત મંજુરી મેળવી આશરે ૭૦૦ ચો.મી. જમીન ઉપર માર્ક કરવાની રહેશે. આ જમીન જે તે જીલ્લા પંચાયત/નગરપાલિકા/મહાનગર પાલિકાની માલીકીની ગણાશે. જમીન/પ્લોટ આપવા ઉત્કંઠ હોય તેવા વ્યક્તિ, સંસ્થા કે ટ્રસ્ટ પાસેથી માંગી જમીન મેળવી શકાશે.

(૩) જીલ્લા કક્ષાએ બંધાવનાર આંબેડકર ભવનની ડીઝાઈન અને બાંધકામ બાબત.

---

જીલ્લા કક્ષાએ આંબેડકર ભવન બાંધવા માટે દરેક જીલ્લામાં ભવનની એકસૂત્રતા જળવાય તે માટે સરકારના સ્થાપત્ય (માર્ગ અને મકાન વિભાગ) પણ તૈયાર કરેલ ડીઝાઈન/નકશા મુજબ બાંધકામ કરવાનું રહેશે. તેમાં નીચે મુજબની જરૂરીયાત સંતોષાય તે જોવાનું રહેશે. નકશો આ સાથે સામેલ છે.

ભવન માટે મેળવેલ ૭૦૦ ચો.મી. જમીનના ૭૦x૨૫ ની ક્ષેત્રફળનું મકાન [illegible] બનાવવાનું રહેશે. જે અંદાજે ૨૦ ફૂટ ઉંચું સીલીંગ હોય તેની લંબાઈના એક ભાગનો ૧૨ ફૂટ સુધી અને ૩૦ ફૂટ સુધીની ઉંચાઈએ ધાબુ બનાવવામાં આવે. જે પર ૧૨x૨૫ નો એક માળ બને અને તેને બહારથી સીડી આપવામાં આવે અને આ જગ્યાના એક

Scanned by CamScanner

મોડિસ તથા એક લાયબ્રેરી કમ તસ્વીરોનું પ્રદર્શન કક્ષ બને. નીચેનો ૨૫x૭૦ નો વિસ્તાર ઓડિટોરીયમ તરીકે વપરાય અને બેઠકના ભાગમાં કોબાળી સીમેન્ટ કોન્ક્રીટની એક મંચ બનાવવામાં આવે. ઓડિટોરીયમનો ભાગ હોવાથી ઉપરના ભાગમાં વેન્ટીલેશન ની સગવડ અને જરૂરી ઈલેક્ટ્રીકેશન ની સગવડ થાય તેમ પણ જરૂરી છે. આ ભવનની ચારે બાજુ કમ્પાઉન્ડ-વોલ અને એક ઝાંપો હોઈ, તથા ભવનમાં વીજળી, પાણી, સંડાસ, બાથરૂમ, ની પુરી વ્યવસ્થા હોઈ, તે વ્યવસ્થા કરવાની રહેશે. આ ભવન બાંધકામ અંગેની તમામ કામગીરી જે તે જીલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાએ માર્ગ અને મકાન વિભાગ હેઠળના જે તે જીલ્લા કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા કરવાની રહેશે.

(૪) **જીલ્લા આંબેડકર ભવન માટે નાણાકીય જોગવાઈ બાબત.**

જીલ્લા કક્ષાએ આંબેડકર ભવન બાંધવા માટે રૂ. ૫ લાખની મર્યાદા નક્કી કરવાની રહેશે. જેમાં નીચે મુજબના ગ્રાન્ટ/સહાય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) રૂ. ૨ લાખ રાજ્ય સરકાર તરફથી એક વખતની ગ્રાન્ટ ફાળવવામાં આવશે. (જે માટે જે તે જીલ્લા શિક્ષણાધિકારી શ્રીએ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને દરખાસ્ત કરવાની રહેશે)

(૨) જ્યારે જીલ્લા કક્ષાએથી નીચે પ્રમાણેની ગ્રાંટની વ્યવસ્થા કરવાની રહેશે.

૧. રૂ. ૧ લાખ વિકેન્દ્રીત જીલ્લા આયોજન હેઠળની ગ્રાંટમાંથી

૨. રૂ. ૧ લાખ જીલ્લા પંચાયત ના ફંડમાંથી

૩. બાકીની રકમ રૂ. ૧ લાખ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં અથવા અન્ય રીતે ફાળો એકત્ર કરી મેળવવાની રહેશે.

આ કામ માટે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને જીલ્લા કક્ષાના સહકારી મંડળીઓ, બેન્કો, વેપારી સંઘો આ કામ માટે નોડલ એજન્સી તરીકે સરકારે જીલ્લા પંચાયત અથવા તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ કરેલ છે.

Scanned by CamScanner

૧: જીલ્લા કક્ષાએ જે તે જીલ્લામાં આંબેડકર ભવનનું બાંધકામ પુરુ થતાં આ ભવનનો વહીવટ જે તે (જીલ્લાની) જીલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિ દ્વારા સંચાલિત થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. સામાજીક ન્યાય સમિતિ દ્વારા આ ભવનનો વહીવટ કરવાનો રહેશે. તથા ભવનની માલીકી જે તે જીલ્લા પંચાયત/નગરપંચાયત/મહાનગરપાલિકાની રહેશે.

૨: આ ભવનની તથા જાળવણી જે તે જીલ્લા પંચાયત/નગરપંચાયત/મહાનગરપાલીકા દ્વારા કરવાની રહેશે. તે અંગે ભવનની રાહતદરે ભાડા પેટેની પ્રવર્તમાન દર પ્રમાણેની આવક ઉભી કરી, તેમાંથી આ ખર્ચ કરવાનો રહેશે.

(૬) જીલ્લા કક્ષાએ આંબેડકર ભવન બાંધવા માટે જે તે જીલ્લામાં જે તે જીલ્લા પંચાયત/નગરપાલીકા/મહાનગરપાલિકા દ્વારા જમીન ૬/૫૨ માર્ક કર્યા પછી ક્રમાંક: (૪) માં દર્શાવ્યા મુજબની નાણાંકીય જોગવાઈ થઈ આવેથી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ભવનનાં બાંધકામ માટે રૂ. ૨ લાખ મંજૂર કરવામાં આવશે, પરંતુ તે માટે સબંધીત જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી મારફતે ઉપરોક્ત નાણાંકીય મર્યાદાને ધ્યાનમાં રાખી જે તે નાણાંકીય વર્ષમાં જરૂરી જોગવાઈ થાય તે માટેની દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફતે યોગ્ય સમયે સરકારશ્રીને મોકલવાની રહેશે. ઉપર મુજબ હાલ પૂરતા ૧૮ જીલ્લા માટે કુલ રૂ. ૩૬ લાખની જોગવાઈ મર્યાદાને ધ્યાનમાં રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/
કે. એસ. ભગત
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ,

પ્રતિ,

નકલ રવાના:-

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
૨. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
૩. તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
૪. તમામ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
૫. તમામ સંસદીય સચિવશ્રીઓ.

..૫..

૬. અ.સ.શ્રી. કોમ્પ્યુટર સેલ, વિભાગની વેબસાઈટ ૫૨ મૂકવાની વિનંતી સહ

Scanned by CamScanner